# ગાંધીનગર મહાનગરપાલિકા

**પંડિત દિનદયાળ ઉપાધ્યાય ભવન, ફાયર સ્ટેશનની પાછળ,**

**સેકટર–૧૭, ગાંધીનગર–૩૮૨૦૧૬**

# એસ્ટેટ શાખા

## :: ટેન્ડર ડોક્યુમેન્ટ ::

**ટેન્ડર નં. ૧૨૯**

**વર્ષ : ૨૦૨૫–૨૬**

## ગાંધીનગર મહાનગરપાલિકા કચેરીની હસ્તકની સેક્ટર – ૧ તળાવ ખાતે આવેલ ફુડપ્લાઝા દુકાનોને ભાડાપેટે આપવા બાબત

# ગાંધીનગર મહાનગરપાલિકા

પંડિત દિનદયાળ ઉપાધ્યાય ભવન, ફાયર સ્ટેશનની પાછળ,
સેક્ટર–૧૭, ગાંધીનગર–૩૮૨૦૧૬
ફોન નંબર : ૦૭૯ ૨૩૨૮૪૧૫૦, ફેક્સ નંબર : ૦૭૯ ૨૩૨૨૧૪૧૯
Email: gmc8gandhinagar@gmail.com


## ટેન્ડર પ્રક્રિયા ની અગત્યની તારીખો

| | | |
|---|---|---|
| ૧ | ઓફલાઈન ટેન્ડર ડ્રાફ્ટ ડાઉનલોડ કરવાની તારીખ અને સમય (ઓફલાઈન ટેન્ડરનો ડ્રાફ્ટ અત્રેની કચેરીની વેબસાઈટ https://gandhinagarmunicipal.com/ અને https://e-Auction.nprocure.com પર ઉપલબ્ધ છે.) | તા. ૩૦/૧૨/૨૦૨૫ સવારે ૧૧:૦૦ કલાક થી તા. ૧૬/૦૧/૨૦૨૬ સાંજે ૦૬:૦૦ કલાક સુધી |
| ૨ | પ્રિબિડ મીટીંગની તારીખ ,સમય અને સ્થળ | તા. ૦૫/૦૧/૨૦૨૬ બપોરે ૧૨:૦૦ કલાકે |
| ૩ | ઓફલાઈન ટેન્ડર ડાઉનલોડ કરવાની અંતિમ તારીખ તથા સમય | તા. ૧૬/૦૧/૨૦૨૬ સાંજે ૦૬:૦૦ કલાક સુધી |
| ૪ | ટેન્ડર કવર, ટેન્ડર ફી, ઈ.એમ.ડી., તથા અન્ય માંગેલ દસ્તાવેજો રજીસ્ટર પોસ્ટ/સ્પીડ પોસ્ટ /કુરીયર થી સુપ્રત કરવાની અંતિમ તારીખ તથા સમય | તા. ૨૦/૦૧/૨૦૨૬ સાંજે ૦૬:૦૦ કલાક સુધી |
| ૫ | ટેકનીકલ બિડ ખોલવાની સંભવિત તારીખ અને સમય | તા. ૨૩/૦૧/૨૦૨૬ બપોરે ૧૨:૦૦ કલાકે |
| ૬ | ઓનલાઈન ઓક્શન કરવાની સંભવિત તારીખ અને સમય | તા. ૦૯/૦૨/૨૦૨૬ બપોરે ૧૨:૦૦ કલાકે |
| ૭ | અંદાજીત રકમ (દુકાનો ત્રણ વર્ષ માટે ભાડે આપવાની અંદાજીત રકમ), ટેન્ડર ફી, ઈ. એમ. ડી. | |

| અ.નં. | દુકાન નં. | ટેન્ડર ફી (ફી + GST) | ઈ.એમ.ડી. ની રકમ | ત્રણ વર્ષની ભાડાની અંદાજીત રકમ |
|---|---|---|---|---|
| ૧ | દુકાન નં.૧ | રૂ. ૧૭૭૦/– | રૂ. ૩૯,૩૫૦/– | રૂ. ૧૩,૧૧,૬૭૯/– |
| ૨ | દુકાન નં.૨ | રૂ. ૧૭૭૦/– | રૂ. ૩૯,૩૫૦/– | રૂ. ૧૩,૧૧,૬૭૯/– |
| ૩ | દુકાન નં.૩ | રૂ. ૧૭૭૦/– | રૂ. ૫૨,૦૮૧/– | રૂ. ૧૭,૩૬,૦૪૬/– |
| ૪ | દુકાન નં.૪ | રૂ. ૧૭૭૦/– | રૂ. ૩૭,૬૧૪/– | રૂ. ૧૨,૫૩,૮૧૧/– |
| ૫ | દુકાન નં.૫ | રૂ. ૧૭૭૦/– | રૂ. ૩૭,૬૧૪/– | રૂ. ૧૨,૫૩,૮૧૧/– |

# પરિશિષ્ટ – ૧ : અરજી ફોર્મ

| ક્રમ | વિગત | ઈજારદારશ્રીએ ભરવાની થતી વિગત |
|---|---|---|
| ૧ | ઈજારદારશ્રીનું નામ | |
| ૨ | ઈજારદારશ્રીની વિગતો : | |
| (a) | ઈજારદારશ્રીની પેઢીનું નામ અને સરનામું | |
| (b) | મોબાઈલ નંબર : | |
| (c) | ઈ–મેઈલ આઈ.ડી. : | |
| (d) | આધારકાર્ડ નંબર : | |
| (e) | જી.એસ.ટી. નંબર : | |
| (f) | પાન કાર્ડ નંબર : | |
| (g) | માલિક/અધિકૃત વ્યક્તિનું નામ અને સરનામું | |
| ૩ | ઈજારદારશ્રીની બેંકની વિગતો : | |
| (a) | બેંક નું નામ | |
| (b) | શાખા નું નામ | |
| (c) | ખાતા નંબર | |
| (d) | પ્રકાર (કરંટ /સેવિંગ ) | |

આ કામના ટેન્ડર ની તમામ શરતો અને સમજુતી અમોએ વાંચેલ છે તથા ઉપરોક્ત વિગતો સમજદારીપૂર્વક ભરેલ છે.

ટેન્ડર ભરનાર પેઢીનું નામ : ......................................................................................

......................................................

ટેન્ડર ભરનાર અધિકૃત્ત વ્યક્તિની સહી તથા સિક્કો

નોંધ : દસ્તાવેજો સુપ્રત કરતી વખતે ઉપરોક્ત વિગતો સંપૂર્ણ ભરી અને રજુ કરવાની રહેશે.)

# પરિશિષ્ટ – ૨ : લાયકાત ફોર્મ

(ઓફલાઈન મોકલવાના દસ્તાવેજો)

| ક્રમ | વિગત | બિડેલ દસ્તાવેજ અંગે | | |
|---|---|---|---|---|
| | | વિગત | બિડેલ છે કે કેમ ? (હા/ના) | પાના નં. |
| ૧ | ટેન્ડર ફી રૂ.૧,૭૭૦/- નો ડી.ડી (જો કોઈ ઈજારદારશ્રીને ટેન્ડર ફી માં મુકિત મળવાપાત્ર હોઈ તો Gujarat State Procurement Policy-2024 માં જણાવ્યા મુજબ મુદ્દા નં. 04 (A)ના (a) to (h) માં જણાવેલ વિગત અંગેના આધારપુરાવા રજુ કરવાના રહેશે.) | | | |
| ૨ | ઇ.એમ.ડી. ની રકમનો ડી.ડી. / એફ.ડી.આર. (જો કોઈ ઈજારદારશ્રીને ઇ.એમ.ડી. માં મુકિત મળવાપાત્ર હોઈ તો Gujarat State Procurement Policy-2024 માં જણાવ્યા મુજબ મુદ્દા નં. 04 (A)ના (a) to (h) માં જણાવેલ વિગત અંગેના આધારપુરાવા રજુ કરવાના રહેશે.) | | | |
| ૩ | ટેન્ડર ભરનાર એજન્સી નું નામ તથા સરનામું | | | |
| ૪ | માલિક/અધિકૃત અધિકારી નું નામ /સરનામું | | | |
| ૫ | ટેન્ડર ભરનાર એજન્સી ની કોન્ટેક્ટ વિગતો | | | |
| | મોબાઈલ નંબર : | | | |
| | ઇ-મેઈલ આઈ.ડી. : | | | |
| ૬ | GST રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની નકલ | | | |
| ૭ | આવકવેરા હેઠળ નોંધાયેલ PAN નંબરની નકલ | | | |
| ૮ | ઈજારદારશ્રી ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાયેલ નથી તે અંગેનું રૂ.૩૦૦/- ના સ્ટેમ્પપેપર પર નોટરાઈઝ ઓરીજનલ એકરારનામું રજુ કરવાનું રહેશે. | | | |
| ૯ | ઈજારદારશ્રીનું પોલીસ વેરીફીકેશન કર્યાનું બાબતનું અદ્યતન સહી સિક્કા સાથેનું ઓરીજનલ પ્રમાણપત્ર. | | | |
| ૧૦ | ઈજારદારશ્રી પાસે માન્યતાપ્રાપ્ત અને અદ્યતન FSSAI Certificate ની નકલ. | | | |
| ૧૧ | ઈજારદારશ્રી પાસે માન્યતાપ્રાપ્ત અને અદ્યતન ગુમાસ્તાધારા સર્ટીફીકેટની નકલ. | | | |
| ૧૨ | નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ,૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ નું સરેરાશ વાર્ષિક ટર્નઓવર રુ.૧૮ લાખ થી વધુ હોવા અંગે સી.એ.નું માટે સર્ટીફિકેટ રજુ કરવાનું રહેશે. | | | |
| ૧૩ | http://e-Auction.nprocure.com પરનું ટેન્ડર ભરનાર એજન્સી/પેઢીનું ઓકશન આઈ. ડી. | | | |

ટેન્ડર ભરનાર પેઢીનું નામ : ..........................................................................................

..........................................................

ટેન્ડર ભરનાર અધિકૃત વ્યક્તિની સહી તથા સિક્કો

# પરિશિષ્ટ – ૩ : દુકાનો અંગેની માહિતી

| ક્રમ | વિગત | માહિતી |
|---|---|---|
| ૧ | લૉકેશન | ગુગલ લીંક : https://maps.app.goo.gl/zDiPyoYvn4CfZp3z9 |
| | | સરનામું : સુર્યજ્યોત તળાવ, સેક્ટર – ૦૧, તા. જી. ગાંધીનગર. |
| ૨ | દુકાનોના માપ | (નીચેનું કોષ્ટક) |
| ૩ | ફોટોગ્રાફ | (નીચેના ફોટોગ્રાફ) |

| દુકાન નં. | માપ (લંબાઈ * પહોળાઈ = કુલ એરીયા) |
|---|---|
| દુકાન નં. ૧ | પ્લીન્થ એરીયા – ૫.૩૩*૬.૭૪ = ૩૫.૯૨૪ ચો.મીટર (નકશા મુજબ) |
| દુકાન નં. ૨ | પ્લીન્થ એરીયા – ૩.૭૮*૬.૭૪ = ૨૫.૪૭૭ ચો.મીટર (નકશા મુજબ) |
| દુકાન નં. ૩ | પ્લીન્થ એરીયા – ૫.૩૩*૬.૭૪ = ૩૫.૯૨૪ ચો.મીટર (નકશા મુજબ) |
| દુકાન નં. ૪ | પ્લીન્થ એરીયા – ૨.૮૬*૫.૮૦ = ૧૬.૫૮૮ ચો.મીટર (નકશા મુજબ) |
| દુકાન નં. ૫ | પ્લીન્થ એરીયા – ૨.૮૬*૫.૮૦ = ૧૬.૫૮૮ ચો.મીટર (નકશા મુજબ) |









# પરિશિષ્ટ – ૪ : ટેન્ડરની શરતો

૧. શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

૨. દુકાનો અંગેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | દુકાન નં. | માપ (લંબાઈ * પહોળાઈ = કુલ એરીયા) | દુકાન વપરાશનો હેતુ |
|---|---|---|---|
| ૧. | દુકાન નં.૧ | પ્લીન્થ એરીયા ૫.૩૩*૬.૭૪=૩૫.૯૨૪ ચો.મીટર (નકશા મુજબ) | નાગરીકો, પ્રવાસીઓ / સહેલાણીઓને શુદ્ધ શાકાહારી ખાણીપીણીની ચીજવસ્તુઓના વેચાણ |
| ૨. | દુકાન નં.૨ | પ્લીન્થ એરીયા ૩.૭૮*૬.૭૪ = ૨૫.૪૭૭ ચો.મીટર (નકશા મુજબ) | નાગરીકો, પ્રવાસીઓ / સહેલાણીઓને શુદ્ધ શાકાહારી ખાણીપીણીની ચીજવસ્તુઓના વેચાણ |
| ૩. | દુકાન નં.૩ | પ્લીન્થ એરીયા ૫.૩૩*૬.૭૪ = ૩૫.૯૨૪ ચો.મીટર (નકશા મુજબ) | નાગરીકો, પ્રવાસીઓ / સહેલાણીઓને શુદ્ધ શાકાહારી ખાણીપીણીની ચીજવસ્તુઓના વેચાણ |
| ૪. | દુકાન નં.૪ | પ્લીન્થ એરીયા ૨.૮૬*૫.૮૦ = ૧૬.૫૮૮ ચો.મીટર (નકશા મુજબ) | નાગરીકો, પ્રવાસીઓ / સહેલાણીઓને શુદ્ધ શાકાહારી ખાણીપીણીની ચીજવસ્તુઓના વેચાણ |
| ૫. | દુકાન નં.૫ | પ્લીન્થ એરીયા ૨.૮૬*૫.૮૦ = ૧૬.૫૮૮ ચો.મીટર (નકશા મુજબ) | નાગરીકો, પ્રવાસીઓ / સહેલાણીઓને શુદ્ધ શાકાહારી ખાણીપીણીની ચીજવસ્તુઓના વેચાણ |

૩. એક ટેન્ડર કોપીમાં ફકત એક જ દુકાન માટે આવેદન કરી શકાશે. પ્રત્યેક દુકાન માટે બિડરે પ્રતિ દુકાન અલગ ટેન્ડર ભરવાનું રહેશે. દરેક ટેન્ડરમાં જરૂરી માંગ્યા મુજબના તમામ દસ્તાવેજો તથા રકમના ડી.ડી./એફ.ડી.આર. સામેલ રાખવાના રહેશે.

૪. (અ) ઈ–ટેન્ડર કમ ઈ–ઓકશનમાં ભાગ લેવા માટે સૌપ્રથમ ઉપર રજીસ્ટ્રેશન http://e-Auction.nprocure.com કરાવવાનું રહેશે. જેમણે અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેમણે ફરીથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહિ. રજીસ્ટ્રેશન બાદ જ ઓકશનમાં ભાગ લેવા માટે http://e-Auction.nprocure.com ઉપર આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(બ) ઈ–ઓકશન અંગે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી ટેકનીકલ બિડ સમય મર્યાદામાં ઓફલાઈન મોકલી આપવાના રહેશે. જો ટેન્ડરર દ્વારા નિયત સમયગાળામાં ઈ.એમ.ડી., ટેન્ડર ફી તથા અન્ય દસ્તાવેજો રજીસ્ટર પોસ્ટ, સ્પીડ પોસ્ટથી સુપ્રત કરવામાં નહિં આવે તો તે ટેન્ડરર ઈ–ઓકશનમાં ભાગ લઈ શકશે નહિં.ટેન્ડર બંધ કવરમાં અને નિયત સમયમાં એસ્ટેટ શાખામાં મળે તે રીતે રજીસ્ટર પોસ્ટએડી અથવા સ્પીડ

પોસ્ટ અથવા કુરીયર થી અત્રેની કચેરીની એસ્ટેટ શાખામાં મોકલી આપવાનું રહેશે. ટપાલના કવર ઉપર "ગાંધીનગર મહાનગરપાલિકા કચેરીની હસ્તકની સેક્ટર – ૧ તળાવ ખાતે આવેલ ફુડપ્લાઝા દુકાનોને ભાડાપેટે આપવા બાબત (એસ્ટેટ શાખા) દુકાન નં. " એવું સ્પષ્ટ શબ્દોમાં લખવાનું રહેશે તથા કવર પર ભાડે મેળવવા માંગતા હોઈ તે અંગે દુકાન નં. ફરજીયાત દર્શાવવાનું રહેશે.

૫. ઈજારદારશ્રીનું નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩, ૨૦૨૩–૨૪ અને ૨૦૨૪–૨૫ નું સરેરાશ વાર્ષિક ટર્નઓવર રૂ.૧૮ લાખ થી વધુ હોવા અંગે સી.એ.નું સર્ટીફિકેટ રજુ કરવાનું રહેશે.

૬. (અ) આ કામગીરી અંગેની ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. ની રકમ ડી. ડી./એફ.ડી.આર. થી ભરવાની રહેશે. જે "નાયબ મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર મહાનગરપાલિકા" ના નામનો બનાવવાનો રહેશે. ઓફલાઈન મોકલેલ દસ્તાવેજોના આધારે ઈવોલ્યુશન હાથ ધરવામાં આવશે. જે ઈજારદારશ્રીઓના ટેકનીકલ બિડ મંજુર થશે તેમને જ ઓનલાઈન ઓક્શનમાં ભાગ લેવા મળશે. જે ઈજારદારશ્રીઓ ટેકનીકલ ક્વોલીફાય થશે તે ઈજારાદારશ્રીઓને ઓનલાઈન ઓક્શનમાં ભાગ લેવા હેતુસર પત્ર/ઈ–મેઈલ દ્વારા જાણ કરવામાં આવશે. ઓનલાઈન ઓક્શનમાં મહત્તમ ભાવ ભરેલ હશે તે ઈજારદારશ્રીને ટેન્ડરની શરતોને આધિન ઈજારો આપવામાં આવશે.

(બ) ટેન્ડર મંજુર થયેથી સિક્યોરીટી ડિપોઝીટની રકમ Gujrat State Procurement Policy-2024 મુજબ લેવામાં આવશે. જે અંગે "નાયબ મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર મહાનગરપાલિકા" ના નામનો ડી.ડી./એફ.ડી.આર. જમા કરાવવાનો રહેશે.

નોંધ : જો કોઈ ઈજારદારશ્રીને ટેન્ડર ફી તથા ઈ.એમ.ડી. ની રકમમાં મુક્તિ મળવાપાત્ર હોઈ તો હોઈ તો Gujarat State Procurement Policy-2024 માં જણાવ્યા મુજબના આધારપુરાવા ટેન્ડર કવરમાં સામેલ રાખવાના રહેશે.

૭. રજીસ્ટ્રેશનની ઓનલાઇન પ્રક્રિયામાં ટેન્ડરની બેઝ પ્રાઇઝ થી ઓક્શનની શરૂઆત કરવામાં આવશે અને હરાજી સમયે ટેન્ડરની બેઝ પ્રાઇઝ કરતાં વધુ બોલી/ઓક્શન ઓનલાઇન ભરવાની રહેશે. એક બિડ વધારવાની મીનીમમ વેલ્યૂ રૂ.૫૦૦/– (Increment Factor) રહેશે.

૮. જે તે ટેન્ડરમાં બેઝ પ્રાઇઝ ઉપર ઇ–ઓક્શન દરમિયાન બોલી/ઓક્શન તરીકે પ્રત્યેક વખતે ટેન્ડરના નિયત કરેલ લઘુત્તમ વધારા સાથે કે તેના ગુણાંકમાં બોલીની રકમ બિડ કરવાની રહેશે. ઇ–ઓક્શન પુરા થવાના સમયગાળાની છેલ્લી ૩ મિનિટ દરમિયાન બિડીંગ થતા બિડ પ્રક્રિયા બંધ થવાનો સમયગાળો વધુ ૩ મિનિટના સ્લેબમાં આપોઆપ વધતો જશે. આ મુજબ છેલ્લી ૩ મિનિટ કોઇ બિડ વધારા (હાયર બિડીંગ ઇન્સ્ટન્ટ) વિના પસાર થયે જ બિડ પ્રક્રિયા પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવશે.

૯. ઇ–ઓક્શનની પ્રક્રિયા દરમિયાન બિડ પ્રક્રિયામાં ભાગ લેતા કોઇપણ બિડરનું નામ ડિસ્કલોઝ (જાહેર) થશે નહિં. માત્ર જે તે બિડર પોતે જે તે બિડમાં હાઇએસ્ટ બિડર હોવાનું પોતાના લોગ–ઇનમાં જાણી શકશે.

૧૦. ઓનલાઇન ઓક્શનની પ્રક્રિયા સર્વર રીસ્પોન્સ ટાઇમ, ઇન્ટરનેટ સ્પીડ, સિસ્ટમ કેપેસીટી વગેરેને આધારિત હોઇ, બિડિંગ કરવા માટે બિડિંગ પૂર્ણ થવાની છેલ્લી મિનિટ સુધી રાહ જોવી હિતાવહ નથી. દરેક વખતે બિડ કરતા અગાઉ વેબ પેજ રિફ્રેશ કરવું હિતાવહ છે. છેલ્લી મિનિટમાં કરવામાં આવેલ બિડિંગને લીધે જો કોઇ પ્રશ્નો ઉદ્દભવે તો આ બાબતે મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકાનો નિર્ણય સર્વમાન્ય ગણાશે.

૧૧. દુકાન ભાડા પટ્ટેથી ચલાવવા માટે જેમને ઈજારો સોંપવામાં આવે તેઓએ જામીન અનામત પેટેની રકમ રૂ.૧,૫૦,૦૦૦/– (અંકે એક લાખ પંચાસ હજાર પુરા) (પ્રત્યેક દુકાન દીઠ અલગ–અલગ) નાયબ મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર મહાનગરપાલિકાના નામે રાષ્ટ્રીયકૃત બેંકનો ડી.ડી., બાંધી મુદતની થાપણ કે રાષ્ટ્રીય બચત પત્રો સ્વરૂપે દિન – ૧૦ માં અત્રેની કચેરીમાં જમા કરાવવાનો રહેશે.

૧૨. ટેન્ડર મંજુર થયા બાદ ઈજારદારશ્રીએ ટેન્ડરની શરતોનું રુ.૩૦૦/– ના સ્ટેમ્પપેપર ઉપર જરૂરી કરારનામું કરી આપવાનું રહેશે અને ટેન્ડર અન્વયે જે અનામતની રકમ એફ.ડી.આર., એન.એસ.સી. અથવા અન્ય બચત પત્રના

માધ્યમથી મુકવામાં આવે તો તેટલી અનામતની રકમ ઉપર મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ ની અનુસુચિ-૧ ના આર્ટીકલ ૩૬ (ક) સાથે આર્ટીકલ ૨૦ (ક) મુજબ આ રીતે આપવામાં આવેલ અનામતની રકમમાં પ્રત્યેક રૂ.૧૦૦/- અથવા તેના ભાગ માટે ૪.૯૦% ટકા પ્રમાણે સ્ટેમ્પ ડયુટી પાત્ર બને છે.

૧૩. આ ટેન્ડર સંદર્ભે ગાંધીનગર મહાનગરપાલિકા અથવા અન્ય સત્તામંડળ પાસેથી કોઈ પૂર્વ પરવાનગી /મંજૂરીઓ/ લાઈસન્સ સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવી અત્રેની કચેરીમાં કરાર સાથે રજુ કરવાની રહેશે. જો કોઈ સત્તામંડળની પરવાનગી વગર કામગીરી કરી હશે તો તે તેની જવાબદારી ઈજારાદારશ્રીની રહેશે.

૧૪. ઈજારાદારશ્રીએ રૂ.૧૦૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર કચેરીએથી જણાવ્યા મુજબનો ભાડા કરાર કરવાનો રહેશે. જે દર ૧૧ માસે ઈજારાદારશ્રીએ રીન્યુ કરવાનો રહેશે. જે અંગેનો તમામ ખર્ચ ઈજારાદારશ્રીએ ભોગવવાનો રહેશે.

૧૫. સમાન ભાવોના કિસ્સામાં કે અન્ય કોઈ કિસ્સામાં ઈજારદારની પાત્રતા,અનુભવ અને સક્ષમતા આધારે આખરી નિણર્ય તથા ટેન્ડર મંજુર કરવું, નામંજુર કરવું અથવા એક કરતાં વધુ એજન્સીને કામગીરી સોંપવી તેમજ કામગીરીમાં તકરાર કે વાંધો ઉભો થશે તો આખરી નિર્ણય મ્યુનિસિપલ કમિશનરશ્રી,ગાંધીનગર મહાનગરપાલિકાનો રહેશે અને આવા કિસ્સામાં ઈજારો કોઈ પણ જાતની નોટીસ આપ્યા સિવાય ઈજારો રદ કરી શકાશે અને સિક્યુરિટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. ઈજારાના સમયમાં કોઈ તકરાર ઉભી થશે તો કાનુની ન્યાય ક્ષેત્ર ગાંધીનગર રહેશે.

૧૬. ટેન્ડરની ઓફર વેલીડીટી ૧૮૦ દિવસની રહેશે.

૧૭. ઈજારાદારશ્રી દ્વારા જામીન અનામતની રકમ ભરપાઈ થયા બાદ અત્રેથી દુકાન શરૂ કરવાનો હુકમ આપ્યેથી દુકાન શરૂ કરવાની રહેશે. દુકાન ફાળવણીની કરારની સમય મર્યાદા વ્યવસાય શરૂ કરવાનો વર્કઓર્ડર આપ્યેથી ૦૩ (ત્રણ) વર્ષની રહેશે. આ સમય મર્યાદા પૂર્ણ થયા બાદ ગાંધીનગર મહાનગરપાલિકાને યોગ્ય જણાશે તો પરસ્પરની સંમતીથી આ સમય મર્યાદા વધુમાં વધુ ૦૨ વર્ષ માટે લંબાવી/રીન્યુ થઈ શકશે અથવા ગાંધીનગર મહાનગરપાલિકા ઈચ્છશે તો નવેસરથી પટ્ટાની ફાળવણીની કામગીરી હાથ ધરવામાં આવશે. જે અંગે ગાંધીનગર મહાનગરપાલિકાનો નિર્ણય આખરી રહેશે.

૧૮. દુકાનના ભાડામાં દર વર્ષે ૭% (સાત ટકા) વધારો કરવામાં આવશે. એટલે કે બીજા વર્ષે ભાવ પ્રથમ વર્ષે ભરેલ ભાવ કરતા ૧.૦૭ ગણા લેખે ચૂકવવાના રહેશે ત્યાર બાદ તે મુજબ પ્રતિ વર્ષ ૭% ભાવ વધારો થશે.

૧૯. દુકાનનું પ્રથમ ૬ માસ માટેનું ભાડુ એડવાન્સમાં નાયબ મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર મહાનગરપાલિકાને ચેકથી ચૂકવવાનું રહેશે. ઈજારાદારશ્રી દ્વારા એડવાન્સ ૬ માસ માટેનું ભાડું વર્ક-ઓર્ડર મળ્યાના ૧૦ દિવસમાં ભાડુ ભરપાઈ ન કરે તો તે જેટલા દિવસ મોડું ભરપાઈ કરે તેટલા દિવસનું ભાડાની રકમ ઉપરાંત ૧૮% લેખે વ્યાજ ભરપાઈ કરવાનું રહેશે અને બે માસ (૬૦ દિવસ) સુધી ભાડું ન ભરપાઈ કરે તો કરારખત આપોઆપ રદ ગણાશે.

૨૦. દુકાનોનું પ્રથમ છ માસના ભાડા સિવાયનું ભાડું દર માસની ૦૧ થી ૦૫ તારીખ સુધીમાં ભરપાઈ કરવાની રહેશે. જે ચુક થયેથી પ્રતિ દિન રૂ.૫૦૦/- પેનલ્ટી લેવામાં આવશે તથા દિન-૧૦ માં ભાડાની રકમ જમા ન કરાવ્યેથી કરાર આપોઆપ રદ્દ થશે.

૨૧. ભાડાપેટે દુકાનો ફાળવણી અંગે લાગુ પડતા તમામ કરવેરા (જી.એસ.ટી. સહીત) ઈજારાદારશ્રીએ જ સમયસર ભરપાઈ કરવાના રહેશે.

૨૨. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા દુકાન માટે નિયત કરેલ જગ્યા/મકાનમાં ઈજારદારશ્રી કોઈપણ સુધારો-વધારો કરી શકશે નહિ અને જે સ્થિતિમાં ગાંધીનગર મહાનગરપાલિકાએ પટ્ટેદારશ્રી દુકાનનો કબજો સોંપેલ હશે તે જ સ્થિતિમાં ઈજારદારશ્રીએ દુકાનમાં કોઈપણ સુધારા-વધારા કર્યાનું જણાશે તો તેને મૂળ સ્થિતિમાં લાવવાની જવાબદારી ઈજારદારશ્રીની રહેશે અને આ કામગીરી ઈજારદારશ્રી ન કરે તો ત્રણ ગણા ખર્ચે અને જોખમે દુકાનના બાંધકામને મૂળ સ્થિતિમાં ગાંધીનગર મહાનગરપાલિકા લાવશે અને આ ખર્ચની રકમ ઈજારદારશ્રીના જામીન અનામતમાંથી વસુલ કરી બાકી રહેતી રકમ પરત કરવામાં આવશે.

૨૩. કરાર સમય દરમ્યાન દુકાન મરામત અને જાળવણી, કલર કામ તથા સામાન્ય મરામત, જેવી તમામ કામગીરી ઈજારદારશ્રીએ પોતાના ખર્ચ કરવાની રહેશે. આ અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રી કે તેના નિયત કરેલ પ્રતિનિધિ ધ્વારા લેખિતમાં જણાવવામાં આવે તો આવી કામગીરી તુરંત હાથ ધરી, ભાડાપટ્ટેદારશ્રી દ્વારા નિયત કરેલ સમયમાં પૂર્ણ કરવાની રહેશે. ઈજારદારશ્રી આ બાબતે નિષ્ફળ જશે તો દિન–૧૫માં મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા ધ્વારા કરાર રદ કરી કબજો પરત લેવામાં આવશે.

૨૪. દુકાનના ગાંધીનગર મહાનગરપાલિકાના અધિકૃત અધિકારી/ કર્મચારી નિરિક્ષણ ચકાસણી અર્થે પ્રવેશ કરવાનો અધિકાર અબાધિત રાખવામાં આવે છે.

૨૫. દુકાનમાં જરૂરીયાત મુજબ ગેસ ,વીજળી , પાણી ,ગટર તથા અન્ય જરૂરી કનેક્શન ઈજારદારશ્રીએ પોતાના ખર્ચે અને જવાબદારીએ કરાવવાના રહેશે તથા મેળવેલ કનેકશન અંગેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારશ્રીની રહેશે.

૨૬. દુકાનના સંચાલનથી આસપાસના વિસ્તારમાં ખલેલ ન પહોંચે તેની ઈજારદારશ્રીએ કાળજી રાખવાની રહેશે. દુકાનનો માત્ર નિહીત કરેલ હેતુ અર્થે જ ઉપયોગ કરવાનો રહેશે. તેમાં ઈજારદારશ્રી કે ઈજારદારશ્રીના કર્મચારી/સંબંધીઓ દ્વારા રહેવા કે સૂવા માટે ઉપયોગ કરી શકશે નહિ.

૨૭. દુકાનના સ્થળે કોઈપણ જાતની ગેરકાનૂની પ્રવૃતિ ન થાય તે અંગે ઈજારદારશ્રીએ કાળજી લેવાની રહેશે. ઈજારદારશ્રીએ સેવા માટે રાખેલ માણસો મુલાકાતીઓ/પ્રવાસીઓ સાથે સભ્ય તથા વિવેકપૂર્ણ વર્તન કરે તેની કાળજી લેવાની રહેશે. અસભ્ય વર્તન કરતા માણસોને બદલી નવા માણસો મુકવા મ્યુનિસિપલ કમિશનરશ્રી સૂચવે તો તેનો તુર્તજ અમલ કરવાનો રહેશે. આ જોગવાઈના ઉલંઘન માટે કરાર રદ્દ કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે. ભવિષ્યમાં કોઈપણ ગેર કાનૂની પ્રવૃત્તિ થયાનું જણાશે તો તાત્કાલિક અસરથી દિન–૧૫ની નોટીસ આપી કરાર રદ કરી શકાશે.

૨૮. કોઈ પણ કિસ્સામાં (ચોરી, લડાઈ, ઝઘડા વગેરે..) પોલીસ કેસ કરવાના થાય અથવા પોલીસ કાર્યવાહી કરવાની થાય તેવા સંજોગોમાં તમામ જવાબદારી ઈજારદારશ્રીની રહેશે. પોલીસ/કોર્ટ કોર્ટ કચેરીની સંપૂર્ણ કાર્યવાહી ઈજારદારશ્રી દ્વારા કરવાની રહેશે.

૨૯. દુકાનોમાં પ્રતિબંધિત વસ્તુઓનું સેવન, સંગ્રહ કે વેચાણ કરી શકાશે નહિં.

૩૦. દુકાનમાં શુધ્ધ શાકાહારી વસ્તુઓનું જ વેચાણ કરવાનું રહેશે. દુકાનમાં ગ્રાહકોને આપવામા આવતી ચીજવસ્તુઓ શુધ્ધ, સ્વાદિષ્ટ, તાજી અને સારી ગુણવત્તાવાળી આપવાની રહેશે તેમજ ખાદ્ય સામગ્રીના ભાવ દર્શાવતું બોર્ડ સ્થળ પર રાખવાનું રહેશે અને જરૂરી તમામ પરમિશન ઈજારાદારશ્રીએ સ્વ–ખર્ચે મેળવવાની રહેશે.

૩૧. દુકાનની ઉપર ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સુચન મુજબનું સાઈન બોર્ડ લગાવવાનું રહેશે.

૩૨. કરારના સમય દરમ્યાન કોઈ ફર્નિચર ઈજારાદારશ્રી ધ્વારા પોતાના ખર્ચે લાવવામાં આવે તો ફર્નિચર, માલસામાન, સાધન સામગ્રીની વિગત એસ્ટેટ શાખાને જાણ કરી તેની ચોક્કસ યાદી રાખવાની રહેશે અને કરાર પૂર્ણ થયે આ ફર્નિચર માલસામાન, સાધન સામગ્રી મંજુરી મેળવી પરત લઈ જઈ શકશે.

૩૩. દુકાનમાં ઈજારદારશ્રીએ કર્મચારીઓને પોતાના ખર્ચે યોગ્ય ગણવેશ આપવાનો રહેશે અને તે ગણવેશ પહેરીને જ માણસો દુકાનમાં કામ કરે તે ઈજારદારથીએ સુનિશ્ચિત કરવાનું રહેશે. આમ છતાં દુકાનમાં કામ કરતા કોઈપણ માણસ ગણવેશ પહેર્યા સિવાય કે અસ્વચ્છ ગણવેશમાં કામ કરતો જણાશે તો ગાંધીનગર મહાનગરપાલિકાને યોગ્ય લાગે તેવા પગલા લઈ શકશે.

૩૪. દુકાનો અને તેની આજુ–બાજુની જગ્યા સ્વચ્છ અને આરોગ્યપ્રદ રાખવાની રહેશે. એંઠવાડ, કચરો તેમજ બીજો કચરો ગંદવાડનો યોગ્ય રીતે નિકાલ કરવાનો રહેશે તથા તેને માટે અલગ–અલગ જરૂરિયાત મુજબની કચરા પેટી રાખવાની રહેશે. વધુમાં ઈજારાદારશ્રી દ્વારા બેદરકારી અંગે ગાંધીનગર મહાનગરપાલિકા ધ્વારા જરૂરી સફાઈ કરાવી તેના ખર્ચની રકમ ઈજારાદારશ્રી પાસેથી વસુલ કરવામાં આવશે. સફાઈ કામગીરી અંગે વારંવાર ફરિયાદ જોવા મળશે તો નોટીસ આપી સક્ષમ અધિકારી ધ્વારા શરત ભંગ ગણી સંબંધિત ઈજારદારશ્રીની ફાળવણી રદ્દ કરવામાં આવશે.

૩૫. દુકાનોની બહાર કોઈપણ જાતનું બોર્ડ કે દબાણ કરી શકશે નહિ. દુકાનોનું બાંધકામ નકશા મુજબ ક્ષેત્રફળવાળી જગ્યાનો જ ઉપયોગ કરવાનો રહેશે. ફુડકોર્ટના સંકુલમાં કોઈપણ પ્રકારના વાહન લઇ જવાની સખ્ત મનાઈ હોઈ દુકાનના લાભાર્થીના તેમજ ગ્રાહકોના વાહનો બરાબર રાખવાના રહેશે. આ બાબતની સંપૂર્ણ જવાબદારી એસોસિયેશન/ઈજારદારશ્રીની રહેશે.

૩૬. દુકાનમાં કામે રાખેલ માણસોને સરકારશ્રીના લઘુત્તમ વેતનધારા મુજબ પગાર ભથ્થા, અઠવાડિક રજા, પ્રો.ફંડ તેમજ મળવાપાત્ર વીમાના લાભ પટેદારશ્રીએ સ્વખર્ચે આપવાના રહેશે તેમજ અન્ય મજુર કાયદા અને ગુમાસ્તા ધારાનો અમલ કરવાનો રહેશે.

૩૭. ધંધા અંગેની તમામ મંજૂરીઓ/પરવાનગી/લાઇસન્સ સક્ષમ સત્તાધિકારી પાસેથી લેવાની સંપૂર્ણ જવાબદારી ઈજારદારશ્રીની રહેશે.

૩૮. દુકાનમાં જરૂરીયાત મુજબ અગ્નિશામકની વ્યવસ્થા ઈજારદારશ્રીએ જાતે કરવાની રહેશે તથા તેની સમયાંતરે ચકાસણી કરી અદ્યતન રાખવાના રહેશે. જો તેમ કરવામાં કસુર થશે અને તેના કારણે કોઈપણ પ્રકારનું નુકસાન થશે કે આગ ની ઘટના બનશે તો તેની સઘળી જવાબદારી ઈજારદારશ્રીની રહેશે. વધુમાં, ઈજારદારશ્રીએ સ્વખર્ચે ફાયર તથા વીમાની વ્યવસ્થા કરવાની રહેશે. જે અંગેની તમામ જવાબદારી ઈજારદારશ્રીની રહેશે.

૩૯. ફાળવેલ તમામ ફૂડકોર્ટના લાભાર્થીઓને સરકારશ્રી તથા સ્થાનિક સત્તામંડળના વખતોવખતના નીતિનિયમો અનુસરવાના રહેશે. દુકાનો ફાળવણી અન્વયે જરૂરી તમામ પરવાના કે અધિકાર પત્ર જે તે સક્ષમ કચેરી/સત્તાધિકારીશ્રી પાસેથી ઈજારદારશ્રીએ જાતે સ્વખર્ચે મેળવી લેવાની રહેશે. જે અંગેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારશ્રીની રહેશે. તેમજ પોલીસ કાયદાનો અમલ કરવાનો રહેશે.

૪૦. જે વ્યક્તિને દુકાન ફાળવેલ હોય તેઓએ જે હેતુ માટે દુકાન ફાળવેલ છે તે હેતુ માટે જ દુકાનનો વપરાશ કરવાનો રહેશે. કોઈપણ અન્ય વ્યક્તિને લીઝ/ભાડે/પેટાભાડે આપી શકશે નહિ. અન્યથા કરારની શરતોનો ભંગ ગણી તાત્કાલિક અસરથી પટ્ટો સમાપ્ત કરી, વિના વળતરે જગ્યા ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તક પરત લેવામાં આવશે.

૪૧. કરાર પુરો થયેથી કે રદ થયેથી દિન-૧૫ મા દુકાન ખાલી કરવાની રહેશે તેમ કરવામાં કસુર થયેથી દુકાનનો કબજો સક્ષમ અધિકારીશ્રીની હાજરીમાં એકતરફી લઈ લેવામાં આવશે અને તે અંગે કોઈપણ કાનૂની દાવો ગ્રાહય રાખવામાં આવશે નહિ તેમજ ઈજારદારશ્રી દુકાનને મુકીને ચાલી જશે તો તેમાં હયાત વાસણો રાચરચીલું, વિદ્યુત સાધનો, ફર્નિચર કે અન્ય માલસામાનનો એક તરફી કબજો સરકારશ્રી લઇ લેશે તેમાં વાંધો કે વધ-ઘટનો પ્રશ્ન ઉપસ્થિત કરી શકશે નહિ. જેનો આખરી નિર્ણય ગાંધીનગર મહાનગરપાલિકાનો રહેશે.

૪૨. ઈજારદારશ્રીએ દુકાન માટે મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકાની સુચના અને દેખરેખ હેઠળ કામ કરવાનું છે. જ્યારે કોઈપણ મતભેદ ઉભો થાય ત્યારે તેના ઉકેલ માટે મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકાને મળવાનું રહેશે અને કોઈપણ શરતો બાબતે આખરી નિર્ણય ગાંધીનગર મહાનગરપાલિકાનો રહેશે.

૪૩. કરાર પૈકીની કોઈપણ શરતના ભંગ બદલ દિન-૧૫ ની નોટીસ આપી અધ વચ્ચેથી કરાર રદ કરી શકાશે અને દુકાનોનો કબજો પરત આપવાનો રહેશે. દુકાનોની ફાળવણીની કોઈપણ બાબત અંગે અથવા કરારની શરતોના ભંગ બદલ ગાંધીનગર મહાનગરપાલિકાનો નિર્ણય આખરી રહેશે. વધુમાં ગાંધીનગર મહાનગરપાલિકાના પક્ષેથી દિન-૧૫ અને ઈજારાદારશ્રી પક્ષેથી બે માસની નોટીસ આપી કરાર પૂરો કરી શકશે.

૪૪. જ્યારે ઈજારદારશ્રી અને મહાનગરપાલિકા વચ્ચે કોઈપણ મુદ્દે વિવાદ, ગેરસમજ કે Dispute થાય ત્યારે સૌપ્રથમ આર્બીટ્રેશન મારફત તકરારનો નિકાલ કરવાનો રહેશે. સદર બાબતે ન્યાયનું ક્ષેત્ર ગાંધીનગર રહેશે.

# -: પ્રમાણપત્ર :-

ટેન્ડરની તમામ શરતો મે વાંચી સમજી વિચારીને જાણમાં લીધી છે. આ સર્વે શરતો મને બંધનકર્તા રહેશે. ટેન્ડર માટે કોઈ વિસંગતા નથી તે હું સ્વીકારું છું.

ટેન્ડર ભરનાર પેઢીનું નામ : ..........................................................................................

ટેન્ડર ભરનાર અધિકૃત્ત વ્યક્તિનું નામ : ...........................................................................

.....................................................

ટેન્ડર ભરનાર અધિકૃત્ત વ્યક્તિની સહી તથા સિક્કો

# પરિશિષ્ટ – ૫ : ભાવ પત્રક (ઓનલાઈન ઓકશન)

| અ.નં. | દુકાન નં. | માપ<br>(લંબાઈ * પહોળાઈ = કુલ એરીયા) | અપસેટ વેલ્યુ |
|---|---|---|---|
| ૧ | દુકાન નં.૧ | પ્લીન્થ એરીયા – ૫.૩૩*૬.૭૪ = ૩૫.૯૨૪ ચો.મીટર | પ્રતિ માસ રૂ. ૩૪,૦૦૦/– |
| ૨ | દુકાન નં.૨ | પ્લીન્થ એરીયા – ૩.૭૮*૬.૭૪ = ૨૫.૪૭૭ ચો.મીટર | પ્રતિ માસ રૂ. ૩૪,૦૦૦/– |
| ૩ | દુકાન નં.૩ | પ્લીન્થ એરીયા – ૫.૩૩*૬.૭૪ = ૩૫.૯૨૪ ચો.મીટર | પ્રતિ માસ રૂ. ૪૫,૦૦૦/– |
| ૪ | દુકાન નં.૪ | પ્લીન્થ એરીયા – ૨.૮૬*૫.૮૦ = ૧૬.૫૮૮ ચો.મીટર | પ્રતિ માસ રૂ. ૩૨,૫૦૦/– |
| ૫ | દુકાન નં.૫ | પ્લીન્થ એરીયા ૨.૮૬*૫.૮૦=૧૬.૫૮૮ચો.મીટર | પ્રતિ માસ રૂ. ૩૨,૫૦૦/– |

## –: પ્રમાણપત્ર :–

ટેન્ડરની તમામ શરતો મે વાંચી સમજી વિચારીને જાણમાં લીધી છે. આ સર્વે શરતો મને બંધનકર્તા રહેશે. ટેન્ડર માટે કોઈ વિસંગતા નથી તે હું સ્વીકારું છું.

ટેન્ડર ભરનાર પેઢીનું નામ : ........................................................................................

ટેન્ડર ભરનાર અધિકૃત્ત વ્યક્તિનું નામ : ........................................................................

....................................................

ટેન્ડર ભરનાર અધિકૃત્ત વ્યક્તિની સહી તથા સિક્કો

# ગાંધીનગર મહાનગરપાલિકા

પંડિત દિનદયાળ ઉપાધ્યાય ભવન, ફાયર સ્ટેશનની પાછળ,
સેક્ટર–૧૭, ગાંધીનગર–૩૮૨૦૧૬
ફોન નંબર : ૦૭૯ ૨૩૨૮૪૧૫૦, ફેક્સ નંબર : ૦૭૯ ૨૩૨૨૧૪૧૯
**Email: gmc8gandhinagar@gmail.com**


## Bidder Registration Step For e-Auction

- **Registration URL : https://e-Auction.nprocure.com**
- **Registration Process for Bidders :**

1. Open the e-Auction Portal (https://e-auction.nprocure.com)
2. Click on the link "Register" on the e-Auction Homepage (Click on "Continue to Registration")
3. Select Login Type: "DSC Login".
4. Select Registration Type: Indian or Foreign
5. Choose the Auctioneer. Gandhinagar Municipal Corporation, Gandhinagar
6. Fill Section: USER DETAILS, BUSINESS DETAILS
7. Fill in Section Contact Person Click on Send OTP and verify for fields "Mobile" & "Alternate Mobile"
8. Agree, Enter Total, & click on "Register"

- **Based on successful registration, the Buyer will get confirmation "Thank You for Registration" and Confirmation mail on your registered e-mail ID.**
- **Bidders may contact (n)Procure Helpdesk during office hours for Guidance/Technical Support.**

**(n)Procure Help Desk :**
Toll-Free Number : 7359 021 663
Direct Number : 91-79-40007514/15/17
E-Mail: nprocure@ncode.in